
ઓગષ્ટ ૨૦૧૦ દાદા ભગવાન પરિવારનું કિંમત રૂ. ૧૨/-

# અક્રમ એક્સપ્રેસ

હેપ્પી બર્થડે અક્રમ એક્સપ્રેસ



## પાપ-પુણ્ય

# અક્રમ એક્સપ્રેસ

## પાપ-પુણ્ય

બાળમિત્રો,

આપણે હાલતા ને ચાલતા મમ્મી-પપ્પા પાસેથી કે દાદા-દાદી પાસેથી સાંભળતા હોઈએ છીએ કે આવું ન કરાય. આવું કરીએ તો પાપ લાગે. આવું કરવાથી પુણ્ય બંધાય. આમ 'પાપ-પુણ્ય' શબ્દો આપણા માટે નવા તો નથી જ. છતાં આપણે કોને પાપ અને પુણ્ય સમજીએ છીએ એ સમજણનેય ચકાસવી તો પડશે જ ને ! આપણે પાપ-પુણ્ય જેને સમજીએ છીએ અને ભગવાન પાપ-પુણ્ય જેને કહે છે, શું એ બન્ને સરખું જ હશે?

જ્ઞાની પુરુષ પરમ પૂજ્ય દાદાશ્રીએ ભગવાનના હૃદયની વાત અહીં ખુલ્લી કરી છે. પાપ અને પુણ્ય એટલે શું, કેવી રીતે બંધાય છે, પાપમાંથી કેવી રીતે છૂટાય વગેરેની સમજણ અત્યંત સરળ અને સાદી ભાષામાં આ અંકમાં આપી છે.

તો ચાલો, આપણે પણ પાપ-પુણ્યને ખરા અર્થમાં સમજીએ અને પાપથી બચીએ.

-ડિમ્પલ મહેતા

## અનુક્રમણિકા


દાદાજી કહે છે........................................ ૧
શાલીભદ્ર............................................ ૨
રાજા ધૃતરાષ્ટ્ર........................................ ૩
આ તો નવી જ વાત !................................ ૬
ઐતિહાસિક ગૌરવગાથાઓ........................... ૮
તમારી જાતને ચકાસી જૂઓ !...................... ૧૦
ચાલો રમીએ........................................ ૧૨
બાળકો સાથે પૂજ્યશ્રી.............................. ૧૪
મીઠી યાદેં............................................ ૧૫
ગ્રીન ડે............................................... ૧૬
મારી સમજણ, પઝલના જવાબો.................... ૧૭
અક્રમ એક્સપ્રેસની ૨જી વર્ષગાંઠ.................. ૧૮



**તંત્રી તથા સંપાદક :**
ડિમ્પલ મહેતા
વર્ષ : ૨, અંક : ૧૨
સળંગ અંક : ૨૪
**ઓગષ્ટ ૨૦૧૦**



**સંપર્ક સૂત્ર :**
બાળવિજ્ઞાન વિભાગ
ત્રિમંદિર સંકુલ, સીમંધર સીટી,
અમદાવાદ-કલોલ હાઈવે,
મુ.પો. - અડાલજ,
જી.ગાંધીનગર-૩૮૨૪૨૧,ગુજરાત.
ફોન : (૦૭૯) ૩૯૮૩૦૧૦૦
email:akramexpress@dadabhagwan.org

**અમદાવાદ:** (૦૭૯)૨૭૫૪૦૪૦૮,૨૭૫૪૩૯૭૯
**રાજકોટ ત્રિમંદિર :** ૯૨૭૪૧૧૧૩૯૩
**વડોદરા :** (૦૨૬૫) ૨૪૧૪૧૪૨
**મુંબઈ :** ૯૩૨૩૫૨૮૯૦૧-૦૩
**U.S.A.**: ૭૮૫-૨૭૧-૦૮૬૯
**U.K.**: ૦૭૯૫૬૪૭૬૨૫૩
**Website:** kids.dadabhagwan.org



**Printed, Published and Owned by : Dimple Mehta on behalf of Mahavideh Foundation**
5, Mamtapark Society,
Bh. Navgujarat College,
Usmanpura, Ahmedabad-14.
**Published at Mahavideh Foundation**
5, Mamtapark Society,
Bh. Navgujarat College,
Usmanpura, Ahmedabad-14.

**Printing Press:-**
**Amba Offset**
Basement, Parshvanath
Chambers, Nr.RBI,
Usmanpura, Ahmedabad-14.

લવાજમ (ગુજરાતી)
વાર્ષિક સભ્ય
ભારત : ૧૦૦ રૂપિયા
યુ.એસ.એ. : ૧૫ ડોલર
યુ.કે. : ૧૦ પાઉન્ડ
પાંચ વર્ષ
ભારત : ૪૫૦ રૂપિયા
યુ.એસ.એ. : ૬૦ ડોલર
યુ.કે. : ૪૦ પાઉન્ડ
**D.D. / M.O.** 'મહાવિદેહ ફાઉન્ડેશન'ના નામે મોકલવો.

# દાદાજી કહે છે...



પ્રશ્નકર્તા : પાપ અને પુણ્ય એ શું છે ?

દાદાશ્રી : કોઈ પણ જીવને કંઈ પણ ત્રાસ આપવો કે દુઃખ આપવું એનાથી પાપ બંધાય. આંખે દેખાય એવા કે ના દેખાય એવા, દરેક જીવમાં ભગવાન છે. માટે જીવમાત્રને કંઈ પણ નુકસાન દેવું, એનાથી પાપ બંધાય છે. અને કોઈ પણ જીવને કંઈ પણ સુખ આપવું, એનાથી પુણ્ય બંધાય છે. દા.ત. તમે બગીચામાં પાણી છાંટો છો તો જીવોને સુખ પડે કે દુઃખ ? સુખ. એ સુખ આપો એનાથી પુણ્ય બંધાય છે.

પ્રશ્નકર્તા : બીજી કઈ રીતે પાપ અને પુણ્ય બંધાય ?

દાદાશ્રી : હલકા વિચારો કરીએ જેવા કે કોઈનું લઈ લઉં, કોઈનું લૂંટી લઉં, ક્યાંથી ભેગું કરું એટલે અણહક્કનું (જે પોતાનું નથી તે) વાપરવાના વિચારો આવે, પછી એ વસ્તુ હોય, પૈસા હોય, કંઈ પણ હોય. આ બધાથી પાપ બંધાય.

અને ઊંચા ભાવો કરીએ કે કેમ કરીને કોઈને દુઃખ ના થાય એવું વર્તન કરું, ભલે મને થોડી અડચણ પડે, તેનો વાંધો નહીં. પણ કોઈને ઉપાધિમાં ના મૂકું, બધાને મદદ કરું. પારકાના સુખ માટે કરીએ, આ બધાથી પુણ્ય બંધાય.

પાપનું પરિણામ, સંસાર વ્યવહાર ચલાવવામાં અડચણો પડે અને પુણ્યથી સંસાર સરળતાથી ચાલે.

પ્રશ્નકર્તા : પુણ્ય વધારવા શું કરવું ?

દાદાશ્રી : આખો દહાડો લોકો પર ઉપકાર કર કર કરવા. આ મન, વાણી અને દેહ લોકોને માટે વાપરવા.

પ્રશ્નકર્તા : પાપ ધોવાય કેવી રીતે, જેથી પાપનું પરિણામ ન ભોગવવું પડે?

દાદાશ્રી : પાપ ધોવું એટલે પ્રતિક્રમણ કરવું. કોઈને દુઃખ થાય એવી કંઈ પણ ક્રિયા થઈ ગઈ હોય તો તેનું પ્રતિક્રમણ કરીએ એટલે પછી પેલા બધાં પાપ ધોવાય, નહીં તો પાપ ધોવાય નહીં. પાપ કર્યા પછી ખુશ થવાથી એના દંડ વધી જાય છે અને પસ્તાવો - પ્રતિક્રમણ કરવાથી દંડ ઘટી જાય છે. બહુ પસ્તાવો કરવાથી પાપ સાવ ધોવાઈ પણ જાય.

# શાલીભદ્ર



શાલીગ્રામ નામે ગામમાં ધન્યા નામે એક વિધવા સ્ત્રી રહેતી હતી. તેને સંગમ નામનો પુત્ર હતો. તે હંમેશાં ઢોર ચરાવવા જતો. એક દિવસ આજુબાજુના છોકરાઓએ ખીર ખાધી છે એવું જાણી તેને પણ ખીર ખાવાનું મન થયું. એણે એની માતાને ખીર બનાવી આપવા કહ્યું. ગરીબ વિધવા આ સાંભળીને દીકરાને શું જવાબ આપવો એ વિચારમાં પડી ગઈ. માતા પાસેથી કોઈ ઉત્તર ન મળતાં દીકરાએ ખીર માટે જીદ પકડી. માતાએ એને ઘણું સમજાવવાનો પ્રયત્ન પણ કર્યો કે ખીર બનાવવાનો સામાન ઘરમાં નથી, ફરી કોઈ વાર બનાવી આપશે. પણ દીકરો એકનો બે ન થયો. તે રડવા લાગ્યો. પુત્રને રડતો જોઈ માતા પણ રડવા લાગી. એને મનમાં દુઃખ થયું કે ગરીબાઈને લીધે એ પુત્રની ઈચ્છા પૂરી કરી શકતી નથી.

મા-દીકરાને રડતાં જોઈ આસપાસના ઘરની સ્ત્રીઓએ એને રડવાનું કારણ પૂછ્યું. સંગમની માતાએ સર્વ હકીકત કહી, પોતાની ગરીબાઈ માટે ખેદ જાહેર કર્યો. બીજી સ્ત્રીઓએ કહ્યું, 'તું તારા પુત્રને રડાવીશ નહીં. અમારે ત્યાંથી ખીરની સર્વ સામગ્રી લઈ જા.' એમ કહી કોઈએ દૂધ, કોઈએ ચોખા, કોઈએ સાકર, કોઈએ ઘી વગેરે આપ્યા. થોડી વારમાં તો સ્વાદિષ્ટ ખીર તૈયાર થઈ ગઈ. એણે પુત્રને બોલાવી કહ્યું, "બેટા, ખીર બહુ ગરમ છે એટલે ઠરવા મૂકી છે. હું પાણી ભરીને આવું છું." કહી માતા પાણી ભરવા ગઈ.


પુત્ર ખીર ઠંડી થવાની રાહ જોતો હોય છે ત્યાં તો દરવાજા પર ટકોરા સંભળાયા છે. પુત્રએ જોયું તો એક મુનિ ભિક્ષા માંગવા આવ્યા હોય છે. મુનિને જોઈને પુત્રને ખૂબ આનંદ થયો છે. મુનિને આપવા એણે ઘરમાં નજર કરી. આજુબાજુ જોતાં એની નજર ખીર પર પડી. એણે ખીરમાં આંગળી કરી બે ભાગલા કર્યા. એક ભાગની ખીર મુનિને આપીશ અને બીજા ભાગની ખીર હું ખાઈશ એમ વિચારી ખીર આપવા વાટકો વાળ્યો. પણ ખીર પ્રવાહી હોવાથી બધી જ મુનિના પાત્રમાં પડી ગઈ. આ જોઈ એને બિલકુલ દુઃખ ન થયું. મુનિ ભિક્ષા લઈને ચાલ્યા ગયા. પુત્રએ આનંદ સાથે વાટકામાં બચેલી થોડી ખીર ખાઈને સંતોષ અનુભવ્યો. ભાવતી વાનગી આપી દીધા બદલ અને પોતાને ખાવા ન મળ્યા બદલ એને જરાય અફસોસ થયો નહીં. મુનિને બહુ ઊંચા ભાવથી દાન આપ્યું તેથી એણે બહુ મોટું પુણ્ય બાંધ્યું.

એ પુણ્યના ફળ સ્વરૂપે પછીના અવતારમાં એનો જન્મ અત્યંત શ્રીમંત કુટુંબમાં થાયો જ્યાં એનું નામ રાખવામાં આવ્યું, શાલીભદ્ર.

જોયું બાળકો, કોઈ પણ જાતના વિચાર કર્યા વગર જે આપે છે તેનું ફળ કેટલું ઊંચું આવે છે!

# રાજા ધૃતરાષ્ટ્ર


મહાભારત યુધ્ધમાં પોતાના પ્રિય પુત્ર દુર્યોધન અને સમસ્ત કૌરવકુળના નાશ પછી રાજા ધૃતરાષ્ટ્ર અતિશય શોકમાં ડૂબી ગયા હતા. એક સાથે સો-સો પુત્રોના વિયોગથી તેઓ ભાંગી પડ્યા હતા.








પણ એમને કોઈ રીતે સમાધાન ના થયું. તેઓ ખૂબ શોકમગ્ન રહેવા લાગ્યા.

શ્રી કૃષ્ણ જ્યારે દ્વારકા પાછા જવા નીકળ્યા ત્યારે તેઓ રાજા ધૃતરાષ્ટ્રને મળવા હસ્તિનાપુર આવી પહોંચ્યા.





હે કૃષ્ણ, મારા જીવનમાં આટલી અતિશય વેદના અને દુઃખોનું શું કારણ હશે ? આ ભવમાં તો મેં એવું કોઈ ભયંકર પાપ નથી કર્યું કે જેથી કરીને મારે આટલા બધા અસહ્ય દુઃખો ભોગવવા પડે છે.
જન્મથી જ નેત્રહીનતા અને હવે સર્વ પુત્રોના મૃત્યુની વેદના. હે કૃષ્ણ, આપ મને કહો કે આ મારા કયા ગુનાની સજા છે ?''
રાજન, હું આપને એવી દિવ્ય દૃષ્ટિ આપું છું કે જેનાથી આપ આપના આ સળગતા પ્રશ્નનું નિવારણ લાવી શકશો.
શ્રી કૃષ્ણની આપેલી દિવ્ય દૃષ્ટિથી તેઓ એમના પાછલા ભવો જોઈ શક્યા. એમણે જોયું કે અમુક ભવ પહેલા એમનો જીવ શિકારી તરીકે જન્મ્યો હતો.
એક દિવસ જંગલમાં
વાહ, આ ઝાડ પર ઘણા બધા પંખીઓ જણાય છે. આજે શિકારનો ભરપૂર આનંદ લેવો છે.
આમ પોતાના આનંદ ખાતર એણે સળગતી જાળ ઝાડ ઉપર ફેંકી. એ ઝાડ ઉપર ઘણા બધા પંખીઓ એમના બચ્ચાઓ સાથે રહેતા હતા.


જાળની અગ્નિથી સોએક બચ્ચાઓ ત્યાં ને ત્યાં જ સળગીને ભસ્મીભૂત થઈ ગયા.
મજા આવી ગઈ. ઘણા સમય પછી આજે એક સાથે આટલા બધાનો શિકાર કર્યો.
અને બીજા પંખીઓ જે બચીને ઊડી ગયા, તેમણે જાળની વિકરાળ અગ્નિના કારણે પોતાની આંખો ગુમાવી.
અરેરે, સો બચ્ચાઓને મારી નાખવા બદલ આજે મારે મારા સો પુત્રો ગુમાવવા પડ્યા અને પંખીઓને મારા નિમિત્તે દૃષ્ટિ ગુમાવવી પડી, જેથી આજે હું જન્મથી જ નેત્રહીન થયો.
જોયું મિત્રો, પાપ કર્યાનું ફળ !

# આ તો નવી જ વાત !



જાણીને કરેલા પાપનું ફળ જાણીને ભોગવવું પડે અને અજાણતાથી કરેલા પાપનું ફળ અજાણતાથી ભોગવવું પડે. દા.ત. અજાણતાથી ચપ્પુની ધાર જોરથી પકડાઈ જાય તો ય હાથમાં ચીરો તો પાડે જ.

પુણ્યમાંથી પાપ બાદ ન થઈ જાય. દા.ત. કોઈને દાન આપીને ૧૦૦ રૂપિયાનું પુણ્ય બાંધ્યું હોય અને કોઈને છિટ્ છિટ્ કરીને ૧૦ રૂપિયાનું પાપ બાંધ્યું હોય તો ૧૦૦-૧૦ = ૯૦પુણ્ય ભોગવવાનું એવું નહીં. ૧૦૦ રૂપિયાનું પુણ્યય ભોગવો અને ૧૦ રૂપિયાનું પાપ પણ ભોગવો.



કોઈના કારણે હું પુણ્ય કે પાપ કરું તોય એનું ફળ મને જ મળે, સામાને નહીં. દા.ત. કોઈ ખાઈ ન શકતો હોય અને એને બદલે હું ખાઉં તો મારું જ પેટ ભરાય, એનું નહીં.



એક બાજુ પાપ કરે અને એક બાજુ પસ્તાવો કર્યા કરે તો ચાલે ? હા, કારણ કે પસ્તાવો ક્યારેય બનાવટી નથી હોતો. માટે જેમ ડુંગળીના બહુ બધા પડ હોય, એક કાઢીએ તોય ડુંગળી આખી ને આખી દેખાય છતાં એ એક પડ તો ગયું જ. એમ ભૂલ ઓછી થતી જાય.





# ઐતિહાસિક ગૌરવગાથાઓ

બંધુરા નામનું એક નગર હતું. ત્યાં વીરસેન નામનો પરાક્રમી રાજા રાજ કરતો હતો. પરાક્રમી હોવાની સાથે સાથે એ પરદુ:ખભંજન અને સદાચારી પણ હતો. તેથી તે પ્રજાનો પ્રિય હતો. એને બે રાજકુમાર હતા. મોટાનું નામ સુરસેન અને નાનાનું નામ મહાસેન. બન્ને રૂપાળા અને ગુણિયલ હતા.

એક દિવસ અચાનક મહાસેનને જીભ ઉપર દુ:ખાવો ઉપડ્યો. જીભ ચચરવા લાગી. સોજો આવી ગયો. બધા વૈદોએ થઈ શકે એટલા ઉપચાર કર્યા પણ કોઈ રીતે દુ:ખાવો ન મટ્યો. દુ:ખાવા સાથે ધીમે ધીમે જીભ સડવા લાગી. મોંમાંથી દુર્ગંધ આવવા લાગી. બધા ધીરે ધીરે ખંડમાંથી બહાર નીકળી ગયા. વૈદ્યોએ કહ્યું, ''અમારાથી બનતું બધું જ અમે કરી છૂટ્યા છીએ. હવે અમારી પાસે કોઈ ઉપચાર નથી.'' રાજાની આંખમાંથી આંસુ સરી પડ્યા. સુરસેન તો ધ્રુસકે ધ્રુસકે રડી જ પડ્યો.

બે-ત્રણ દિવસ પસાર થયા. જીભ સડવાથી દુર્ગંધ વધતી ગઈ. સૂરસેનની નીંદર ઊડી ગઈ. એ રાત-દિવસ મહાસેનની ચાકરી કર્યા કરતો. શું કરવું કંઈ સમજ પડતી ન હતી. એણે ચાંદીના પ્યાલામાં પાણી લીધું. એકાગ્ર મનથી પ્રાર્થના કરતો ગયો અને પાણી પોતાના આંગળાથી લઈ મહાસેનની જીભ ઉપર મૂકતો ગયો. સૌના આશ્ચર્ય વચ્ચે પહેલા દિવસે દુર્ગંધ ઘટી ગઈ. બીજા દિવસે છિદ્રો પુરાઈ ગયા. ત્રીજા દિવસે સોજો ઉતરી ગયો અને ચોથા દિવસે તો મહાસેન સંપૂર્ણ નિરોગી બની ગયો. એ સુરસેનને ભેટી પડ્યો. નગરમાં બધા બે ભાઈઓના ગુણો ગાવા લાગ્યા.

આ વાતને કેટલાક મહિનાઓ વીતી ગયા. એક દિવસ તે નગરમાં શ્રી ભદ્રબહુસ્વામી નામના આચાર્ય પધાર્યા. તેમને અવધિજ્ઞાન હતું. સુરસેન-મહાસેન બન્ને રાજકુમારો એમના દર્શન કરવા ગયા. સુરસેને આચાર્યને દર્શન કરી પૂછ્યું,

“ગુરુદેવ, આ મારા ભાઈ મહાસેનને ભયંકર જીભનો રોગ થયો હતો, તેનું શું કારણ?” આચાર્યે કહ્યું, એનું કારણ પૂર્વજન્મના પાપનું છે. સાંભળ,

“મણિપુર નામનું નગર હતું. તેમાં મદન નામના વીર સૈનિકને ધીર અને વીર નામના બે પુત્રો હતા. બન્ને ભાઈઓ એક દિવસ ઉદ્યાનમાં ગયા. ત્યાં એમણે એક મુનિરાજને જમીન પર ઢળી પડેલા જોયા. એમણે ઉદ્યાનના માળીને પૂછ્યું, તો જાણવા મળ્યું કે એક દુષ્ટ સાપે એમના પગ પર ડંખ દીધો છે અને દરમાં ઘુસી ગયો છે.

વીરને મુનિ પ્રત્યે ખૂબ રાગ હતો. એણે માળીને કહ્યું, “અરે ! ડંખ મારીને સાપ જ્યારે નાસી જતો હતો ત્યારે તમે એને મારી કેમ ન નાખ્યો ?” આ સાંભળી ધીરે કહ્યું, “ભાઈ, શા માટે જીભથી પાપ બાંધે છે? જે બનવાનું હતું તે બની ગયું.”

વીરે કહ્યું, “મુનિરાજને ડંસનાર એવા સાપને મારવામાં પણ ધર્મ જ છે. તો પછી ‘મારવો’ શબ્દથી પાપ શાનું લાગે ? સાધુઓની રક્ષા કરવી અને દુષ્ટોનો નાશ કરવો એ તો ક્ષત્રિયનો ધર્મ છે. જો આ વાત ખોટી હોય તો ભલે આ પાપ મારી જીભને લાગે.” ધીરે કોઈ જવાબ ન આપ્યો. એણે ગારુડીને બોલાવી ઝેર ઉતરાવ્યું અને મુનિરાજ સારા થઈ ગયા.

આ રીતે મુનિરાજના પ્રાણ બચાવવાથી બન્ને ભાઈઓ ખુશ થઈ ગયા. આયુષ્ય પૂરું થતા બન્ને ભાઈઓ મૃત્યુ પામ્યા. ધીર સુરસેન થયો અને વીર મહાસેન થયો. મોટા મોટા વૈધરાજો ન મટાડી શક્યા એવો જીભનો રોગ સાપને મારી નાખવાના વચનો બોલવાથી થયો હતો. પણ મુનિના પ્રાણ બચાવ્યા તેથી જે પુણ્ય બાંધ્યું હતું તેના પ્રભાવથી મહાસેનનો રોગ મટાડી શકાયો.”

આચાર્ય પાસેથી પોતાના પૂર્વજન્મની વાતો

“મુનિરાજને ડંસનાર એવા સાપને મારવામાં પણ ધર્મ જ છે. તો પછી ‘મારવો’ શબ્દથી પાપ શાનું લાગે ? સાધુઓની રક્ષા કરવી અને દુષ્ટોનો નાશ કરવો એ તો ક્ષત્રિયનો ધર્મ છે. જો આ વાત ખોટી હોય તો ભલે આ પાપ મારી જીભને લાગે”



સાંભળી બન્નેને સંસાર પ્રત્યે વૈરાગ્ય ઉત્પન્ન થયો. બન્નેએ આચાર્ય પાસે દીક્ષા લઈ મુક્તિ પામ્યા.

જોયું મિત્રો, પુણ્યમાંથી પાપની બાદબાકી થતી નથી. પુણ્ય કર્યું હોય એ પણ ભોગવવું પડે છે અને પાપ કર્યું હોય એ પણ ભોગવવું પડે છે.



# તમારી જાતને ચકાસી જૂઓ !

આજે મુનીમજીને અચાનક બહાર જવું પડ્યું છે. તેઓ એમના ટેબલ પર જૈમિનના એક હિસાબનો કાગળ મૂકીને ગયા છે. ચાલો, તમે મુનીમજીના ચશ્માં પહેરી લો અને આપેલી વિગત પરથી જૈમિનના પુણ્ય (જમા) અને પાપ (ઉધાર)નો હિસાબ તૈયાર કરો.

**ગણતરી માટે નોંધ :**

બીજાને સુખ આપ્યું - ૧૦૦ પોઈન્ટસ જમા,
બીજાને દુઃખ આપ્યું - ૧૦૦ પોઈન્ટસ ઉધાર.

જૈમિન અને તેની નાની બહેન સ્નેહા, પ્લેટફોર્મ નં. ૩ ના બાંકડા પર આવીને બેઠા. બાંકડા પાસે થોડા પક્ષીઓ બ્રેડના ટુકડાઓ ખાઈ રહ્યા હતા. ગમ્મત ખાતર, જૈમિન કાગળિયાની ગોટીઓ કરી એ પક્ષીઓને મારીને ઉડાડવા લાગ્યો. અચાનક એની નજર એક મોટી ઉંમરના ભાઈ પર પડી, જે ટ્રેન પકડવા હાથમાં ઘણાં ભારે સામાન સાથે હાંફતા હાંફતા દોડી રહ્યા હતા. એમને જોઈને જૈમિને સ્નેહાને કહ્યું, ''હું એ કાકાને મદદ કરીને આવું.''



ટ્રેનની વ્હીસલ વાગી. જૈમિન અને સ્નેહા ટ્રેનમાં એમની બારી પાસેની સીટ પર ગોઠવાઈ ગયા. ત્યાં તો એક નાનકડા છોકરાએ બારી પાસે બેસવા માટે એની મમ્મી પાસે જીદ શરૂ કરી. જૈમિને તરત જ એની સીટ એ છોકરાને આપી દીધી.

જૈમિન એની ક્રોસોવર્ડ પઝલ સોલ્વ કરવા લાગ્યો. થોડીક વાર પછી સ્નેહા એની પાસે ગઈ અને કહેવા લાગી, ''ભાઈ, મને પણ રમાડને પ્લીઝ, મને કંટાળો આવે છે.'' ''તું મને ડીસ્ટર્બ ના કર. શાંતિથી બેસી જા. આ તને ન આવડે.'' એકદમ કડક અવાજમાં જૈમિને સ્નેહાની સામે જોયા વગર જ જવાબ આપ્યો. સ્નેહા રડવા જેવી થઈ ગઈ.

રાતના આઠ વાગ્યા ત્યાં તો કમ્પાર્ટમેન્ટમાં બધાના ડબ્બા ટપોટપ ખુલવા લાગ્યા. મમ્મીએ જૈમિન અને સ્નેહાને એમના ભાવતા મેથીની ભાજીના ઢેબરા આપ્યા હતા. જૈમિન અને સ્નેહા જમવા બેઠા. બાજુમાં એક છોકરો સૂનમૂન બેઠો હતો. એની પાસે કંઈ ખાવા માટે નહોતું. સ્નેહા એ છોકરાને એક ઢેબરું આપવા જતી હતી પણ જૈમિને એને રોકતા કહ્યું, ''એને કંઈ આપવાની જરૂર નથી. આપણને ઓછા પડશે.''

રાતના જૈમિન ટ્રેનમાં લટાર મારવા નીકળ્યો ત્યારે એને એક અંકલની સીટ નીચે સરસ મજાના ગોગલ્સ પડેલા જોયા. અંકલ તો ઘસઘસાટ ઊંઘી ગયા હતા. જૈમિનને વિચાર આવ્યો, ''કોઈ જોઈ નથી રહ્યું. હું આ ગોગલ્સ લઈ લઉં?''

**ઉપરની ઘટના પરથી જૈમિનના કુલ જમા અને ઉધાર પોઈન્ટસ લખો.**

જમા : ...................... , ઉધાર : ......................

ઉધાર ઘટાડવા જૈમિને શું કરવું જોઈએ ?


હેપ્પી બર્થડે
અક્રમ એક્સપ્રેસ

# ચાલો રમીએ...

## ૧

તમારી અવલોકન શકિતને તીવ્ર કરો.


**નીચે આપેલા દરેક ચિત્રમાં એકથી વધુ ચિત્રો સમાયેલા છે, ધ્યાનથી જૂઓ!**



## ૨


**નવ સિક્કાને નીચે જણાવ્યા મુજબ ત્રિકોણ આકારમાં ગોઠવો. હવે તેમાંથી કોઈ પણ બે સિક્કાને એવી રીતે હલાવો કે જેથી ત્રિકોણમાંથી ચોરસ આકાર બની જાય.**

**સૂચના :- બન્ને સિક્કાને ફક્ત એક જ વખત હલાવવા.**



## ૩


**આ પંચકોણમાં કુલ કેટલા ત્રિકોણ છે તે શોધી કાઢો.**



## ૪


ઉપર આપેલ ૧૨ આકૃતિઓમાંથી એવી આકૃતિઓ શોધી કાઢો કે જે એક લાઈન વડે તેમજ પેન્સિલને પેપર પરથી ઉઠાવ્યા વગર દોરી શકાય.

**સૂચના :- કોઈ પણ લાઈન પરથી બીજી વખત પસાર થવાનું નથી અને લાઈનને ક્રોસ પણ કરવાની નથી.**




## ૫

**ર**
**સ્તો**
**શો**
**ધો**





# બાળકો સાથે પૂજ્યશ્રી

પ્રશ્નકર્તા : આપણે કંઈ પણ કામ કરવું હોય તો મમ્મી-પપ્પા એવું કેમ કહે કે તું નાનો છે. તને ના ખબર પડે.

પૂજ્યશ્રી : પપ્પા મોટા છે કે તું મોટો છે ઘરમાં?

પ્રશ્નકર્તા : એ મોટા છે. પણ આપણને પણ ખબર પડતી હોય. આપણે કંઈ કામ કરવું હોય તો પૂછવાની આપણી ફરજ છે. એટલે આપણે એમને પૂછીએ કે, હું આ કામ કરું? તો કહેશે કે ના, રહેવા દે અત્યારે. તું નાનો કહેવાય.

પૂજ્યશ્રી : વખત આવ્યે સારા કામ કરી તો દેખાડો, તો એ લોકો પણ ખુશ થાય કે આ તો જુઓ, બહુ હોશિયાર છે. લોકોને પછી નોટિસ થાય કે આણે આ નાનકડું કામ પણ બહુ સારી રીતે કર્યુ. એટલે પછી બીજી વખત એને વિશ્વાસ આવે કે આ વધારે સારું કરી શકશે. અમુક ગમતા કામ જ આપણે કરવા જઈએ અને અમુક ન ગમતા કામ મમ્મીએ કોઈક દા'ડો સોંપ્યા હોય, એ કામ આમ રખડવામાં ઊડાડીએ અથવા ઊંધું-ચત્તું કરી નાખીએ એટલે પછી એમને થાય કે આ તો સાવ ઊંધા-ચત્તા કામ કરે છે માટે એને રહેવા દો હમણાં. એટલે નાનામાં નાના પ્રકારનું કામ, અમથું ઝાડુ મારવાનું કામ કહ્યું હોયને કે જરા આટલું કરને બેટા, તો આપણે એવું સરસ ચોખ્ખું કરીને કરીએને તો એમને ખાતરી થાય કે આ બહુ સરસ કામ કરે છે. એટલે પછી ધીમે ધીમે મોટા કામમાં પણ એમને વિશ્વાસ આવતો જાય. તું એવું કરી જોને. જો પછી પ્રેમથી એમનો વિશ્વાસ જીતી લેવાનો છે. એ કહેશે, તું નાનો છે. તો કહેવાનું કે મને થોડો ભાગ આપોને. હું થોડું કરી જોઉં. તમને ગમશે તો મને વધારે કરવા દેજો. પછી એમને હિંમત આવે કે આ તો સરસ કર્યુ.

ક્યારેક તને કહ્યું હોય કે પાંચ હજાર રૂપિયા લઈને જા અને કાકાને આપી આવ. અને તું ખોઈ નાખે તો એમને થાય કે આનો ભરોસો રખાય નહીં. આ તો બેદરકારીમાં પૈસા ખોઈ નાખ્યાં એણે. બીજી વખત તને પાંચસો આપવા હોયને તો વિચાર કરે કે આ બરોબર ધ્યાન નથી રાખતો. અને તું બહુ ચોકસાઈ રાખે તો એમને ખાતરી થાય કે આને હવે પચાસ હજાર આપીશું તોય વાંધો નહીં આવે. બહુ સ્ટ્રોંગ છે ને ચોક્કસ છે. આપણો વ્યવહાર એવો સરસ દેખાડો કે એમને ખાતરી થાય વધારે.



# મીઠી યાદેં



૧૯૮૦ની સાલની વાત છે. અમદાવાદમાં દાદાની જન્મજયંતી ઉજવાઈ રહી હતી. ત્યારે દાદા ઘણા સીરિયસ થઈ ગયા હતા. બાજુમાં જ સિવિલ હૉસ્પિટલ હતી. અગિયારેક વાગે ત્યાંના ડૉક્ટરને બોલાવ્યા. દાદાને તપાસીને ડૉક્ટરે કહ્યું, ''દાદાને અત્યારે ને અત્યારે જ હૉસ્પિટલમાં દાખલ કરો.'' બીજે દિવસે સવારે કચ્છમાં જવાનો પ્રોગ્રામ હતો. જ્ઞાનવિધિ રાખી હતી. બે હજાર માણસો ભેગું થવાનું હતું. એટલે દાદા કહે, ''ના, ના, મને તો કશું જ નથી થયું. બહુ સરસ છું. આપણે તો કાલે સવારે જવાનું જ છે.'' હૉસ્પિટલની ના પાડી એટલે પેલા ડૉક્ટર કહે, ''આપણે અહીંયા જ દવાઓ નાખીને દાદાને ગ્લુકોઝ ચડાવી દઈએ.'' પછી એની તૈયારીઓ ચાલી. દાદાને ખૂબ નબળાઈ આવી ગઈ હોવાથી એમની નસ પણ પકડાતી નહોતી. અંતે નીરુમાથી દાદાની નસ પકડાઈ અને બાટલા ચાલુ કર્યા.

હવે એ હાલતમાંય દાદાને પૂછે તો તેઓ એમ જ કહે કે, ''ના, મને તો સરસ જ છે, મને કશું થયું જ નથી. કચ્છમાં જઈશું ને કચ્છનું પાણી પીશું એટલે તબિયત સારી થઈ જશે.'' કેટલા પોઝિટિવ હતા દાદા કોઈને ઊંચુંનીચું થવા જ ના દે. 'સરસ જ છે' એમ જ કહે.

આખી રાત બાટલા ચડાવ્યા પછી સવારે જવાનું થોડું મોડું કર્યું. બસમાં જવાના હતા એને બદલે સ્પેશિયલ મોટી ગાડીની વ્યવસ્થા કરી. દાદા જબરજસ્ત પોઝિટિવ! એક અક્ષરેય બોલે નહીં. બધા પૂછે, ''કેમ છે દાદા ?'' તો કહે કે, ''બહુ સરસ છે.'' રસ્તામાં પણ ઘણાં વિઘ્નો આવ્યા. રસ્તા ખરાબ ને એમાં નવી નકોર ગાડી હતી એય બગડી. આમ કરતાં કરતાં બાવીસ કલાકે તેઓ પહોંચ્યા પણ દાદા તો એ જ આનંદમાં.

જોયું મિત્રો, વેદનાના કર્મના ઉદય વખતે જ્ઞાનીઓ કેવી સ્થિતિમાં રહે છે અને આપણે ?

# ગ્રીન ડે

બાળમિત્રો,

૮મી જૂલાઈ ૨૦૧૦ના દિવસે આપણા વ્હાલા નીરુમાનો ૪૨મો જ્ઞાનદિવસ હતો. સીમંધર સીટીમાં રહેતા દરેક મહાત્માઓએ સીટીમાં એક - એક છોડ રોપી ઉલ્હાસભેર આ ‘ ગ્રીન ડે’ ની ઉજવણી કરી. તો ચાલો, જોઈએ એની ઝલક.





# મારી સમજણ


તમે તમારા મિત્ર સાથે રસ્તા પર ચાલી રહ્યા છો. અચાનક તમારા પગ નીચે કીડી આવી ગઈ અને દબાઈને મરી ગઈ. આ જોઈને તમને બહુ દુઃખ થયું. તમારા મિત્રે તમને કહ્યું, ''આ તો તારાથી અજાણતાથી મરી ગઈ છે. એમાં કંઈ પાપ ન લાગે. આવી તો કેટલી કીડીઓ રસ્તા પર જતી હોય. આપણે ક્યાં બધાનું ધ્યાન રાખવા બેસીએ ?''

૧) શું તમારા મિત્રની વાત સાચી છે કે કેમ ?


૨) શું કીડી મરી ગયાનું તમને પાપ લાગે ? તો એમાંથી પાછા ફરવા શું કરશો ?

# પઝલના જવાબો

## ૨




## 3



કુલ ૫ + ૫ + ૫ + ૫ + ૫ + ૫ + ૫ = ૩૫

## ૪



૧,૫,૬,૭,૯,૧૦,૧૧

## તમારી જાતને ચકાસી જૂઓ

જવાબ :- ૪મા : ૪૦૦, ઉત્તમ : ૬૦૦, સામાન્ય - [illegible]

Akram Express

August 2010
Year : 2, Issue : 12
Conti. Issue No.: 24

BALVIGNAN
Fun 'n' Gnan with Dada

RNI No. GUJGUJ/2008/26729
Reg. No. GAMC - 1690/09-11
valid up to 31-12-2011
LPWP Licence No. CPMG/GJ/27/2009-2011
valid up to 31-12-2011
Posted at AHD. P.S.O. Sorting Office Set-1
on 08th of every month

# અક્રમ એક્સપ્રેસની ૨જી વર્ષગાંઠ




હેપ્પી બર્થ ડે ટુ અક્રમ એક્સપ્રેસ, તને વાંચનાર રહે કાયમ ફ્રેશ
તારી પાસેથી અમે શીખીએ ઘણું, સરસ મજાનું નવું ને નવું.
અમે તો વાંચીએ, મિત્રો પણ વાંચે, સાચી સમજણને જીવનમાં ઉતારીએ
દાદાને પ્રાર્થના કરીએ અમે આજ, ઘણું જીવે તું બાળજગત કાજ.

Printer, Publisher and Owner - Mr. Dimple Mehta on behalf of Mahavideh Foundation, Editor - Mr. Dimple Mehta, Printing Press **Amba offset:-** Parshwanath Chembers, Usmanpura, Ahmedabad-14 and published at Mahavideh Foundation, 5, Mamtapark Society, Bh. Navgujarat College,Usmanpura, Ahmedabad-14.